# શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટેની પ્રવેશ પ્રક્રિયા

## ❖ પ્રવેશ માટે ૦૧-૦૬-૨૦૨૬ની સ્થિતિએ વયમર્યાદા :-

- બાલવાટિકા : ૫ વર્ષ પૂર્ણ હોવા જોઈએ. (૦૨-૦૬-૨020 થી ૦૧-૦૬-૨૦૨૧)
- ધોરણ-૧ : ૬ વર્ષ પૂર્ણ હોવા જોઈએ. (૦૨-૦૬-૨૦૧૯ થી ૦૧-૦૬-૨૦૨૦)

## ❖ સામાન્ય સૂચનો:-

- અરજી WWW.MKGEMS.EDU.IN ઉપર કરવાની રહેશે.
- બાળવાટિકા થી ધોરણ-૮ સુધીના ધોરણ માટેની અરજી ઉપરની વેબસાઈટ કરવાની રહેશે.

# સામાન્ય સૂચનાઓ

૧. ફોર્મ અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં ફરજીયાત ભરવાનું રહેશે.

૨. ફોર્મ ખુબ જ ધીરજ અને ચોકસાઈથી ભરવાનું રહેશે. એકવાર ફાઈનલ સબમિટ આપ્યા બાદ સુધારો થઈ શકશે નહિ.

૩. એક થી વધુ વખત અરજી કરવી નહિ.

૪. ફોર્મમાં તમામ માહિતી સાચી આપવી ફરજીયાત છે. જો ખોટી માહિતી આપ્યાનું સાબિત થશે તો તાત્કાલિક અસરથી પ્રવેશ રદ કરવામાં આવશે.

૫. શાળામાં પહેલાથી જ ધોરણ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે. તેથી પ્રવેશ ઉપલબ્ધ જગ્યા અને વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે.

૬. સોગંધનામામાં  શાળાનું નામ એમ. કે. ગાંધી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા એવું લખાવવું ફરજીયાત છે. એમ.ઈ.એમ. લખેલ હશે તો અમાન્ય રહેશે. તેમજ સોગંધનામામાં વિદ્યાર્થીનું નામ અંગ્રેજીમાં જ લખેલું હોવું જોઈએ.

# <u>બાલવાટિકા અને ધોરણ-૧ના નવા પ્રવેશ માટેની સૂચનાઓ</u>

૧. બાલવાટિકા અને ધોરણ-૧માં પ્રથમવાર પ્રવેશ મેળવનાર બાળકના વાલીઓએ ફોર્મમાં જન્મ પ્રમાણપત્ર અને આધાર કાર્ડમાં એક જ સમાન હોય એ નામ લખવાનું રહેશે. તેમજ બંનેમાં નામ એક સમાન હોવા ફરજીયાત છે.

૨. બાળકના પ્રવેશ માટેના પુરાવામાં(જન્મ પ્રમાણપત્ર અને આધાર કાર્ડ) બાળકનું અટક અને પિતાના નામ સહિતનું પૂરું નામ હોવું ફરજીયાત છે. (ખાસ કરીને અન્ય રાજ્યમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે) તો ઉપરોક્ત પરિસ્થિતિએ વાલીએ રૂ.૫૦ના સ્ટેમ્પ પર અટક અને પિતાના નામ સહિત દર્શાવતું પૂરુંવાળું સોગંધનામું આપવાનું રહેશે. (વિદ્યાર્થીનું નામ અંગ્રેજીમાં જ લખેલું હોવું જોઈએ.)

૩. બાલવાટિકા/ધોરણ-૧/અન્ય રાજ્યમાંથી આવતા વિદ્યાથીઓ કે જ્ઞાતિ અંગેના પુરાવામાં પિતાનું જાતિ પ્રમાણપત્ર/ પિતાનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/રૂ.૫૦ સ્ટેમ્પ પર સોગંધનામું આપવાનું રહેશે

# L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) દ્વારા અન્ય શાળામાંથી અમારી શાળામાં પ્રવેશ માટેની સૂચનાઓ

૧. અન્ય શાળામાંથી L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) દ્વારા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીના શાળા છોડ્યાનું પ્રમાણપત્રમાં દર્શાવેલ માહિતી જ માન્ય રાખવામાં આવશે.

૨. જેમનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અંગ્રેજી સિવાય અન્ય કોઈ ભાષામાં હોય તો બાળકનું અટક પિતાના નામ સહિતનું પૂરું નામના સ્પેલિંગ, માતાના નામનો સ્પેલિંગ, અને જાતિનો સ્પેલિંગ બાબતે રૂ.૫૦ ના સ્ટેમ્પ પર સોગંધનામું આપવાનું રહેશે.

૩. અન્ય રાજ્યમાંથી આવતા વિદ્યાથીઓના જ્ઞાતિ અંગેના પુરાવામાં પિતાનું જાતિ પ્રમાણપત્ર/ પિતાનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/રૂ.૫૦ સ્ટેમ્પ પર સોગંધનામું આપવાનું રહેશે.

૪. અન્ય શાળામાંથી L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) દ્વારા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીના શાળા છોડ્યાનું પ્રમાણપત્રમાં જન્મ સ્થળની સ્પષ્ટતા ન હોય તો જન્મ પ્રમાણપત્ર આપવો ફરજીયાત છે.

૫. ખાનગી શાળામાંથી આવતા વિદ્યાર્થીના L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) શાળાનો માન્યતા કમાંક હોવો જોઈએ.

૬. અન્ય જીલ્લામાંથી આવતા વિદ્યાર્થીના L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) પાછળ કેળવણી નિરીક્ષકના કાઉન્ટર સહિ સિકકા હોવા ફરજીયાત છે.

૭. અન્ય રાજ્યમાંથી આવતા વિદ્યાર્થીના L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) પાછળ ત્યાના પ્રાથમિક જીલ્લા શિક્ષણાધિકારીના કાઉન્ટર સહિ સિકકા હોવા ફરજીયાત છે.

૮. L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર)માં UDISE+ માંથી વિદ્યાર્થીનો PEN નંબર ખાસ લખાવવો.